<u>પત્રક-૧</u>

'પીજીવીસીએલ વિભાગીય કચેરી લોક દરબાર - ૨૦૧૮'

વિભાગીય કચેરી : માંડવી, વર્તુળ કચેરી : ભુજ, તારીખ : **10/03/2018**, સમય : **11:00**

નિરાકરણ કરનાર અધિકારીશ્રીનું નામ અને મોબાઇલ નંબર : એ.એસ.ગુરવા (ઇ.ઇ) મો.ન.૯૯૨૫૨૦૯૮૨૭

રજુ થયેલ પ્રશ્નોની સંખ્યા : **24**, નીતિ વિષયક પ્રશ્નોની સંખ્યા : **0**, નિકાલ પ્રશ્નોની સંખ્યા : **24**, પ્રગતિ હેઠળ પ્રશ્નોની સંખ્યા : **0**

| ક્રમ | રજુઆતકર્તાનું નામ | પ્રશ્નની વિગત | લોક દરબારમાં આપેલ જવાબ | અદ્યતન જવાબ | નિકાલની સ્થિતિ |
|---|---|---|---|---|---|
| **1** | શાંતિલાલ વી ગણત્રા ગામઃ-માંડવી(બાબાવાડી) મો.ન.૯૮૨૫૨૩૫૭૨૦ | સરકારી-કચેરી, કોર્ટ કચેરીઓ માં સોગંદનામ(અફીડેવીટ) બાહેંધરી ખત ક્રમ સાગંદનામા માં રૂ.૨૦/- ના સ્ટેમ્પ ઉપર ચાલે છે. જયારે પીજીવીસીએલ ના કોઇ પણ કામ માટે રૂ.૧૦૦/- નો સ્ટેમ્પ પેપર શા માટે આગ્રહ રાખવામાં આવે છે.જે વિશે જણાવવું. | આપની રજૂઆત મુજબ આપનો આ પ્રશ્ન નીતિ વિષયક હોયે આપનો આ પ્રશ્ન નો જવાબ અત્રેની કચેરી દ્વારા દિવસ ૬ માં લેખિત માં જાણ કરવામાં આવશે. | અત્રેની કચેરી દ્વારા અરજદારને જણાવવામાં આવે છે કે હાલના ગુજરાત ઉરજા વિકાસ નિગમ લીમીટેડ ના પરિપત્ર નંબર જીયુવીએનએલ/ટેક/એજી કનેકસન/૨૧૮૯ તા.૨૪.૧૦.૨૦૧૩ મુજબ કાયમી ધોરણે બંધ થયેલ પુનઃ જોડાણ,સ્થળફેર બાબતે,બદલાયેલ પરિસ્થિતિ અન્વયે નવીન ખેતી હેતુ વીજજોડાણ ને લગતા વિવિધ પ્રશ્નો માટે જરૂરી દસ્તાવેજો માટે ૧૦૦ રૂ. ના સ્ટેમ્પ પેપર નો (નોટોરાઇઝડ) સંમતી પત્રક રજુ કરવું એમ જણાવેલ છે. અને જણાવેલ પરિપત્ર પ્રમાણે જ હાલમાં તમામ કાર્યવાહી કરવામાં આવે છે.આમ આ તમામ વિગતો અરજદારશ્રી ની રજૂઆત બાબતે અરજદારશ્રી ને માંગેલ માહિતી મુજબ મોંડવી શહેર પેટા કચેરી દ્વારા પત્ર ન.૧૬૧૫થી તા.૨૦.૦૩.૨૦૧૮ ના રોજ જાણ કરવામાં આવેલ છે. આ અરજીનો નિકાલ કરેલ છે. | નિકાલ<br>જનરલ માહિતી |
| **2** | ગઢવી મોહન રણશી, ગામઃ કાઠડા | ખેતીવાડી કનેકશન વહેલી તકે આપવા બાબત | હાલ માં સરકારશ્રી દ્વારા અલગ અલગ જીલ્લા તથા તાલુકાઓ પ્રમાણે ખેતીવાડી નવા વીજ જોડાણો આપવાનો ટાર્ગેટ મુજબની આ કામગીરી હાથ ઉપર લેવામાં આવેલ છે. હાલમાં માંડવી વિભાગીય કચેરી હેઠળ આવેલ મુન્દ્રા અને માંડવી તાલુકામાં વર્ષ ૨૦૧૩ અને ૨૦૧૪ ની અરજીઓ ને વીજ કનેકસન આપવાની કામગીરી ચાલુ હોય તથા આપની અરજી વર્ષ ૨૦૧૭ ની હોય તે મુજબ અગ્રતા ક્રમ અનુસાર ખેતીવાડી નવા વીજ જોડાણો આપવાની કાર્યવાહી કરવામાં આવશે. | | નિકાલ<br>નવા કનેકશન |
| **3** | રાજેન્દ્રસિંહ જાડેજા, ગામઃ માંડવી | ખેતીવાડી વીજ જોડાણોમાં એફ.પી.એ. થયેલ વીજ જોડાણોને ક્યારે કનેક્શન મળશે. | હાલ માં સરકારશ્રી દ્વારા અલગ અલગ જીલ્લા તથા તાલુકાઓ પ્રમાણે ખેતીવાડી નવા વીજ જોડાણો આપવાનો ટાર્ગેટ મુજબની આ કામગીરી હાથ ઉપર લેવામાં આવેલ છે. હાલમાં માંડવી વિભાગીય કચેરી હેઠળ આવેલ મુન્દ્રા અને માંડવી તાલુકામાં વર્ષ ૨૦૧૩ અને ૨૦૧૪ ની અરજીઓ ને વીજ કનેકસન આપવાની કામગીરી ચાલુ હોય તથા આપની અરજી વર્ષ ૨૦૧૭ ની હોય તે મુજબ અગ્રતા ક્રમ અનુસાર ખેતીવાડી નવા વીજ જોડાણો આપવાની કાર્યવાહી કરવામાં આવશે. | | નિકાલ<br>નવા કનેકશન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **4** | રાજેન્દ્રસિંહ જાડેજા, ગામઃ માંડવી | અબડાસા તાલુકાના ગામો માંડવી ડિવિઝનમાંથી નખત્રાણા ડીવીઝનમાં ટ્રાન્સફર કરવા બાબત | આપની રજુઆત મુજબ આપને જણાવવમાં આવે છે કે જયારે વીજળીકારણ ની કામગીરી વર્ષ ૧૯૬૫ માં કરવામાં આવેલ હતી ત્યારે માંડવી,મુન્દ્રા,નખત્રાણા,અને અબડાસા તાલુકાઓના ગામડાઓ નું વિભાજન કરવામાં આવેલ હતું.ઉપરાંત આપને વધુમાં જણાવવામાં આવે છે ક આપની આ રજૂઆત મુજબ અબડાસા તાલુકાના માંડવી ડીવીઝન માં આવેલ છે જે નખત્રાણા ડીવીઝનમાં ફેરવવાની છે જે તાંત્રિક રીતે શક્યતા નથી | | નિકાલ<br>વિલેજ ટ્રાન્સફર |
| **5** | રાજેન્દ્રસિંહ જાડેજા, ગામઃ માંડવી | માંડવી તાલુકાના ગામો કોઠારા સબ ડિવિઝનમાંથી માંડવી ડીવીઝનમાં ટ્રાન્સફર કરવા બાબત | આપની રજુઆત મુજબ આપને જણાવવમાં આવે છે કે જયારે વીજળીકારણ ની કામગીરી વર્ષ ૧૯૬૫ માં કરવામાં આવેલ હતી ત્યારે માંડવી,મુન્દ્રા,નખત્રાણા,અને અબડાસા તાલુકાઓના ગામડાઓ નું વિભાજન કરવામાં આવેલ હતું.ઉપરાંત આપને વધુમાં જણાવવામાં આવે છે ક આપની આ રજૂઆત મુજબ કોઠારા સબ ડીવીઝન માંથી માંડવી ડીવીઝન માં ફેરવવાની છે જે તાંત્રિક રીતે શક્યતા નથી | | નિકાલ<br>વિલેજ ટ્રાન્સફર |
| **6** | દેવજી ગંગદાસ પટેલ, ગામઃ બાડા | સોલાર ખેતીવાડી કનેક્ષન આપવા બાબત | આપની સોલાર ખેતીવાડી વીજ કનેકસન ની અરજી બાબતે અત્રેની માંડવી શહેર પેટા કચેરી ખાતે ચકાસણી કર્યા બાદ આપને અગ્રતા ક્રમ અનુંશાર આ વીજ કનેકસન ની કાર્ય વહી કરવામાં આવશે.અને આપને પત્ર દ્વારા જાણ કરવામાં આવશે. | અરજદારશ્રી ની અરજી મુજબ માંડવી શહેર પેટા કચેરીમાં ચકાસણી કરતા અરજદારશ્રી ની ખેતીવાડીમાં નવું વીજ કનેકસન લેવાની નોંધણી વર્ષ ૨૦૧૬ માં ૨૯ જુલાઇ મહિનામાં થયેલ છે.જેનો લોડ ૭.૫ એચપી છે. અને સોલાર પંપ સેટમાં નોંધણી ની તા.૩૦.૦૭.૨૦૧૬ છે. વધુમાં જણાવવાનું કે ખેતીવાડી સોલાર એજી પંપ સેટ માં ભાપત્રક આપવાનો લક્ષ્યાંક ના અનુંશાન્ધાને વડી કચેરી ની સુચના અનુંશાર સોલાર એજી પંપ સેટ માં નોંધણી થયેલ અરજીઓ ને ભાપત્રક આપવામાં આવે છે. હાલમાં વડી કચેરી દ્વારા સુચના મળ્યેથી અરજદારશ્રી ને અરજી મુજબ નિયત સમય મર્યાદામાં ભાપત્રક આપવામાં આવશે. | નિકાલ<br>સોલાર સ્કિમ |
| **7** | માંડવી કિશન સંઘ નામ,-<br>પરષોત્તમ રતનશી ગામઃ-માંડવી | પટેલ ગોવિંદ પ્રેમજી અને પટેલ મણીલાલ ધનાજી ખેતીવાડી રહેણાંક માટેનું ભાપત્રક ભરેલ હોવા છતાં વીજ કનેકસન મળેલ નથી. | આપની અરજી મુજબ અત્રેની માંડવી શહેર પેટા વિભાગીય કચેરી ખાતે ચકાસણી કરતા ગોવિંદ પ્રેમજી અને મણીલાલ ધનજી નામનું ભાપત્રક વર્ષ ૨૦૧૧ સપ્ટેમ્બર માં ભરાયેલ હતું પરંતુ જે તે વખતે ઇ ઉરજા સિસ્ટમમાં ઉપરોક્ત જણાવેલ બંને નામ વાળી એસઆર કેન્સલ બાય યુસર થઇ ગયેલ છે.અને આ અરજી રદ થયેલ નું તાંત્રિક કારણ આપને દિવસ ૨ માં પત્ર થી જાણ કરવામાં આવશે. | પીજીવીસીએલ ના સર્કયુલર નં.પીજીવીસીએલ/રજી.સેલ/ટેક/૬૭૨૮ તા. ૧૯.૦૯.૨૦૧૧ મુજબ સદર ગ્રાહકનું **3** ફેઝ ખેતીવાડી કનેક્ષન હયાત ના હોતા તે વખતે અરજદારનું ખેતીવાડી રહેણાંક કનેક્ષન રદબાત્તલ કરેલ હતું. પરતુ અરજદારે રીફંડ માટે અરજી કરેલ ન હતી. અરજદારને સર્ક્યુલર નં. જીયુવીએનેલ/ટેક/જીઇઆરસી./૧૦૬૯ તા. ૨૭.૦૬.૨૦૧૪ મુજબ માંડવી શહેર પેટા કચેરી દ્વારા પત્ર નંબર ૧૭૪૪તા.૦૩.૦૪.૨૦૧૮ થી નવી અરજી કરવા માટે જણાવેલ છે. | નિકાલ<br>નવા કનેકશન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **8** | ખીમજી હંસરાજ ગામઃ-દુર્ગાપુર | ખેતીવાડી વિસ્તાર માં આવેલ એલટી લાઇન જર્જરિત હાલત માં હોય જે સમારકામ કરી આપવા બાબત | આપની જણાવેલ અરજી પ્રમાણે સ્થળ ઉપર સર્વે કર્યા બાદ આ જણાવેલ કામગીરી તા.૩૧.૩.૨૦૧૮ સુધીમાં તાત્કાલિક ધોરણે પૂર્ણ કરવામાં આવશે. | અરજદારશ્રી ની રજૂઆત બાબતે અત્રેની માંડવી શહેર પેટા કચેરી દ્વારા અરજદારશ્રી ના જણાવેલ જગ્યા ઉપર જ્યાં ખેતીવાડીમાં આવેલ જર્જરિત એલટી લાઇન છે જે જગ્યાનું સર્વે ની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ અને જરીરીયાત મુજબ ની એલટી લાઇન ના વાયરો બદલવાની અંગેની કામગીરી તા.૨૬.૦૩.૨૦૧૮ નાં રોજ પૂર્ણ કરવામાં આવેલ છે. | નિકાલ<br>મેઇન્ટેનન્સ |
| **9** | તુરીયા પુનશી ગઢવી ગામઃ-બિદડા | બિદડા ગામ ખાતે સર્વે નંબર ૩૧૯ માં વર્ષ ૨૦૧૭ દરમ્યાન એફપીએ થઇ ગયેલ હોવા છતાં આજ દિન સુધી ખેતીવાડી વીજ કનેક્સન મળેલ નથી.જે તાત્કાલિક ધોરણે આપવા વિનંતી. | હાલ માં સરકારશ્રી દ્વારા અલગ અલગ જીલ્લા તથા તાલુકાઓ પ્રમાણે ખેતીવાડી નવા વીજ જોડાણો આપવાનો ટાર્ગેટ મુજબની આ કામગીરી હાથ ઉપર લેવામાં આવેલ છે. હાલમાં માંડવી વિભાગીય કચેરી હેઠળ આવેલ મુન્દ્રા અને માંડવી તાલુકામાં વર્ષ ૨૦૧૩ અને ૨૦૧૪ ની અરજીઓ ને વીજ કનેકસન આપવાની કામગીરી ચાલુ હોય તથા આપની અરજી વર્ષ ૨૦૧૭ ની હોય તે મુજબ અગ્રતા ક્રમ અનુસાર ખેતીવાડી નવા વીજ જોડાણો આપવાની કાર્યવાહી કરવામાં આવશે. | હાલ માં સરકારશ્રી દ્વારા અલગ અલગ જીલ્લા તથા તાલુકાઓ પ્રમાણે ખેતીવાડી નવા વીજ જોડાણો આપવાનો ટાર્ગેટ મુજબની આ કામગીરી અત્રેની માંડવી ગ્રામ્ય પેટા કચેરી દ્વારા હાથ ઉપર લેવામાં આવેલ છે. હાલમાં માંડવી ગ્રામ્ય પેટા કચેરી હેઠળ આવેલ માંડવી તાલુકામાં વર્ષ ૨૦૧૫ ની અરજીઓ ને વીજ કનેક્સન આપવાની કામગીરી ચાલુ હોય તથા આપની ખેતીવાડી ની અરજી વર્ષ ૨૦૧૭ ની હોય તે મુજબ અગ્રતા ક્રમ અનુસાર અત્રેની કચેરી દ્વારા ખેતીવાડીમાં નવા વીજ જોડાણો આપવાની કાર્યવાહી હાથ ઉપર લેવામાં આવશે. | નિકાલ<br>નવા કનેકશન |
| **10** | નાના ભાડીયા સરપંચસશ્રી | નાના-ભાડીયા ગામમાં લો-વોલ્ટેજ આવે છે,અને ગામમાં જુના જર્જરિત હાલતમાં આવેલ વાયરો બદલવા બાબત. | આપની અરજી મુજબ નાના-ભાડીયા ગામમાં જણાવેલ અરજી પ્રમાણે સ્થળ ઉપર સર્વે કર્યા બાદ આ કામગીરી તુરંત હાથ ઉપર લેવામાં આવશે. | અરજદારશ્રી નાના ભાડીયા ગામના સરપંચ ની રજૂઆત પ્રમાણે નાના ભાડીયા ગામ ખાતે ગામ માં લો વોલ્ટેજ ની ફરિયાદ હતી તે અનુંશાન્ધાને માંડવી ગ્રામ્ય પેટા કચેરી દ્વારા સદર સ્થળ ઉપર જુનું ૧૦ કેવીએ નું વીજ ટ્રાન્સફોર્મર ની જગ્યાએ નવું ૨૫ કેવીએ નું ટ્રાન્સફોર્મર લગાવી,સદર જગ્યા પર નવો ટ્રાન્સફોર્મર અરથીંગ કરી જણાવેલ રજૂઆત નું નિરાકરણ તા.૧૯.૦૩.૨૦૧૮ ના રોજ પૂર્ણ કરેલ છે. અને નાના ભાડીયા ગામમાં જુના જર્જરી વાયરો બદલવાની રજૂઆત અંગે તા.૨૦.૦૩.૨૦૧૮ ના રોજ નવા એરિઅલ બંચ (એબીસી) કેબલ નાખી જણાવેલ સંપૂર્ણ કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. | નિકાલ<br>મેઇન્ટેનન્સ |
| **11** | કે. જી. સમેજા, ગામઃ નાના આસંબીયા મો.ન.૯૮૨૫૭૮૫૧૫૦ | ખેતરમાંથી વીજ થાંભલા વચ્ચેથી ખસેડવા અંગે | આપની જણાવેલ અરજી મુજબ ખેતીવાડીમાં આવેલ વીજ પોલ ખસેડવા માટેનું સર્વે કાર્ય બાદ આપને પોલ ખસેડવા બાબત નું અત્રેની કચેરીએ થી ભાવપત્રક આપવામાં આવશે જે ભરાઇ ગયા બાદ કામગીરી પૂર્ણ કરવામાં આવશે. | લોકદરબાર કાર્યક્રમ દરમ્યાન અરજદારશ્રી દ્વારા મોખિક રજૂઆત આપવામાં આવેલ હતી પણ અરજદારશ્રી દ્વારા આજ સુધીમાં લેખિત માં કોઇ પણ અરજી આપવામાં આવેલ નથી જે અનુસંધાને માંડવી ગ્રામ્ય પેટા કચેરી દ્વારા અરજદારને તા.૧૩.૦૩.૨૦૧૮ના રોજ પત્ર નંબર ૨૫૨૮ થી લેખિતમાં અરજી આપવા બાબત ની જાણ કરવામાં આવેલ છે. જે અરજી અરજદારશ્રી દ્વારા રજુ કર્યે થી વીજ પોલ ખસેડવાની કામગીરી હાથ ધરી શકાય. | નિકાલ<br>મેઇન્ટેનન્સ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **12** | કે. જી. સમેજા, ગામઃ નાના આસંબીયા મો.ન.૯૮૨૫૭૮૫૧૫૦ | નાના આસંબીયા ગામે આવેલ વીજ ટ્રાન્સફોર્મર સ્થળાંતર કરી આપવા બાબતે | આપની જણાવેલ અરજી પ્રમાણે નાના આસંબીયા ગામ ખાતે આવેલ વીજ ટ્રાન્સફોર્મર સ્થળાંતર માટેનું સર્વે કર્યા બાદ આગળ ની કાર્યવાહી હાથ ઉપર લેવામાં આવશે. | અરજદારશ્રી ની રજૂઆત બાબતે માંડવી ગ્રામ્ય પેટા કચેરી દ્વારા નાના અશામ્બીયા ગામ ખાતે આવેલ વીજ ટ્રાન્સફોર્મર ખસેડવા બાબત નું સર્વે કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે અને સર્વે દરમ્યાન જણાવેલ વીજ ટ્રાન્સફોર્મર અન્ય જગ્યાએ લઇ જવા માટેની કોઇ પણ જાત ની ટેકનીકલી શક્યતા નહીવત છે. ઉપરાંત આ અંગે જરૂરી મેન્ટેનન્સ ની કામગીરી તા.૨૦.૦૩.૨૦૧૮ ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે. અને વીજ ટ્રાન્સફોર્મર ખસેડવા અંગે અને બીજી જગ્યાએ કોઇ પણ શકયતા નથી તે બાબતે અરજદારશ્રી ને પત્ર, ૨૮૨૪ તા.૧૩.૦૩.૨૦૧૮ થી જાણ કરવામાં આવેલ છે. | નિકાલ<br>શીફટીંગ ઓફ લાઇન |
| **13** | સરપંચશ્રી.મેઘપર ગ્રામ પંચાયત શ્રીમતી વનીતાબેન ગોવિંદભાઇ હાલાઈ મો.ન.૯૪૨૮૬૮૦૬૨૭ | મેઘપર ગામ ખાતે આવેલ સ્ટ્રીટલાઇટ વીજ કનેકસન નું મીટર ખરાબ થઇ ગયેલ છે.જે તાત્કાલિક ધોરણે બદલી આપવા વિનંતી. | તા.૦૯.૩.૨૦૧૮ ના રોજ આપની જણાવેલ અરજી મુજબ સ્ટ્રીટ લાઇટ વીજ કનેકસન નું મીટર તથા સવિસ વાયર નવો નાખી કામગીરી પૂર્ણ કરેલ છે. | | નિકાલ<br>મીટર સંબધિત |
| **14** | હાલાઇ રત્ના કલ્યાણ ગામઃ-મેઘપર | મેઘપર ગામ ખાતે હું ઘર વપરાસ નું વીજ કનેકસન ધરાવું છું. જેનો સવિસ વાયર બળી ગયેલ છે જે તુરંત નવો નાખી આપવા બાબત | તા.૦૯.૩.૨૦૧૮ ના રોજ આપની જણાવેલ અરજી મુજબ ઘર વપરાસ વીજ કનેકસનનો સવિસ વાયર નવો નાખી કામગીરી પૂર્ણ કરેલ છે. | | નિકાલ<br>મેઇન્ટેનન્સ |
| **15** | કાન્તાબેન કેસરા વાઘજીયાણી ગામઃ-ગોડપર મો.ન.૯૪૨૬૨૭૪૪૭૫ | ઘર વીજ જોડાણ નો વાયર જર્જરિત હાલત માં હોઇ તાત્કાલિક ધોરણે નવો નાખી આપવા બાબત. | તા.૦૯.૩.૨૦૧૮ ના રોજ આપની જણાવેલ અરજી મુજબ ઘર વપરાસ વીજ કનેકસનનો સવિસ વાયર નવો નાખી કામગીરી પૂર્ણ કરેલ છે. | | નિકાલ<br>મેઇન્ટેનન્સ |
| **16** | જાડેજા છનુભા જીવણજી ગામઃ-મકડા | મકડા ગામ ખાતે આવેલ ખેતીવાડી વિસ્તારમાં ખરાબ અને જૂની થઇ ગયેલ ડીપી ના એંગલ તથા જમ્પર નવા નાખી આપવા અંગે. | તા.૯.૩.૨૦૧૮ ના રોજ જણાવેલ અરજી મુજબ મકડા ગામ ખાતે ખરાબ થઇ ગયેલ ડીપી ની એંગલ તથા નવા જમ્પર કરી આપની જણાવેલ અરજી પ્રમાણેની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. | | નિકાલ<br>મેઇન્ટેનન્સ |
| **17** | હરિજન વીરા બચું ગામઃ-દેવપર મો.ન.૯૭૧૨૩૯૭૪૯૮ | દેવપર ગામ ખાતે આવેલ ખેતીવાડી વીજ કનેકસન ડીપી ના ડીઓ,એંગલ,તથા નવા જમ્પર બદલી આપવા બાબત | તા.૯.૩.૨૦૧૮ ના રોજ અત્રેની કચેરી દ્વારા આપની જણાવેલ અરજી મુજબ દેવપર ગામની ખેતીવાડીમાં સ્થળ ઉપર આપના ખેતીવાડી વીજ કનેકસન ની ડીપી ના નવા જમ્પર,તથા એંગલ અને નવો અરથીંગ કરી જણાવેલ કામગીરી પૂર્ણ કરેલ છે. | | નિકાલ<br>મેઇન્ટેનન્સ |
| **18** | સોમચંદ લધા, ગામઃ દરસડી | ખેતીવાડી વિસ્તાર માં આવેલ એલટી લાઇન જર્જરિત હાલત માં હોય જે સમારકામ કરી આપવા બાબત | આપની જણાવેલ અરજી મુજબ ખેતીવાડીમાં આવેલ એલટી લાઇન જર્જરિત હાલતમાં હોય જેનું સર્વે કર્યા બાદ આ કામગીરી તુરંત હાથ ઉપર લેવામાં આવશે. | અરજદારશ્રી ની રજૂઆત બાબતે દરસડી ગામ ખાતે ખેતીવાડીમાં આવેલ જુના અને જર્જરિત હાલત આવેલ એલટી લાઇન નું સમારકામ અંગેનું સર્વે ની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે અને જુના અને જર્જરિત એલટી ના વાયરો બદલવા કામગીરી તા.૨૬.૦૩.૨૦૧૮ ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે. | નિકાલ<br>મેઇન્ટેનન્સ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **19** | સોમચંદ લધા ભીમાણી ગામઃ-ગઢશીશા | એલટી લાઇનનું મેન્ટેનન્સ કરવા બાબત | આપની ખેતીવાડીમાં એલટી લાઇન નું મેન્ટેનન્સ કરવા બાબત ની અરજી અનુંશાન્ધાને અત્રેની ગઢશીશા કચેરી દ્વારા સદર સ્થાળ પરનું સર્વે કર્યા બાદ દિવસ ૧૫ માં આપની જણાવેલ અરજી મુજબની ગામગીરી પૂર્ણ કરવામાં આવશે. | અરજદારશ્રી ની રજૂઆત બાબતે ગઢશીશા ગામ ખાતે ખેતીવાડીમાં આવેલ જુના અને જર્જરિત હાલત આવેલ એલટી લાઇન નું સમારકામ અંગેનું સર્વે ની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે અને જુના અને જર્જરિત એલટી ના વાયરો બદલવા અંગેની કામગીરી તા.૨૬.૦૩.૨૦૧૮ ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે. | નિકાલ<br>મેઇન્ટેનન્સ |
| **20** | પટેલ હિરાલાલ પચાણ ગામઃ-દરસડી | ખેતીવાડી થ્રી ફેઝ વીજ જોડાણનું ભાવપત્રક આપવા બાબત | આપની ખેતીવાડી થ્રી ફેજ વીજ જોડાણ બાબતે ગઢ શીશા પેટા કચેરી માં રેર્કોડ ચકાસણી બાદ આપને ખેતીવાડી વીજ જોડાણ ભાવપત્રક ની માહિતી આપવામાં આવશે.અનેઆપને લેખિતમાં જાણ કરવામાં આવશે. | અરજદારશ્રી ની રજૂઆત બાબતે ગઢશીશા કચેરી ખાતે ચકાસણી કરતો અરજદાર દ્વારા ખેતીવાડી નવું વીજ કનેકશન લેવાની નોંધણી વર્ષ ૨૦૧૨માં ઓક્ટોમ્બરમાં ૮ તારીખે થયેલ છે. વધુમાં જણાવવાનુંકે અરજદારશ્રી દ્વારા સદર વીજ કનેકસન બાબતે માંગણી વાળા સર્વે નંબર માં આજદિન સુધી ડ્રીપ કરવા માટેની કાર્યવાહી પૂર્ણ કરેલ નથી. જે બાબતે અત્રેની ગઢશીશા કચેરી દ્વારા તા.૨૨.૧૧.૨૦૧૭ ના રોજપત્ર નંબર ૨૦૦૯ થી પણ જાણ કરવામાં આવેલ છે. આમ અરજદારશ્રી દ્વારા ડ્રીપ અને એફપીએ ની સંપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ ખેતીવાડી વીજ જોડાણ અંગેનું ભાવપત્રક આપવાની કાર્યવાહી હાથ ઉપર લેવામાં આવશે. | નિકાલ<br>નવા કનેકશન |
| **21** | સૈયદ કાદરશાહ ઇમાનશાહ ગામઃ-સાડાઉ | ઘર વપરાસ વીજ કનેકસન નું મીટર ની ડીસપ્લે બંધ થઇ ગયેલ છે, જે બદલવા બાબત. | તા.૯.૩.૨૦૧૮ ના રોજ અત્રેની મુન્દ્રા-૧ કચેરી દ્વારા આપની અરજી મુજબ સ્થળ ઉપર મીટર બદલી કામગીરી પૂર્ણ કરેલ છે. | | નિકાલ<br>મીટર સંબધિત |
| **22** | દવે ધનંજય ગજાનંદ ગામઃ-મુન્દ્રા | ઘર વપરાસ વીજ કનેકસન નું મીટર ની ડીસપ્લે બંધ થઇ ગયેલ છે, જે તાત્કાલિક રીપેર કરી આપવા બાબત. | તા.૯.૩.૨૦૧૮ ના રોજ અત્રેની મુન્દ્રા-૧ કચેરી દ્વારા આપની અરજી મુજબ સ્થળ ઉપર મીટર બદલી કામગીરી પૂર્ણ કરેલ છે. | | નિકાલ<br>મીટર સંબધિત |
| **23** | જીગર તુલસીદાસ પટેલ ગામઃ-સીરાચા | સીરાચા ગામ ખાતે આવેલ વર્ષ ૨૦૦૯ માં વીજ કનેકસન ના ભાવપત્રક ભરાયેલ રકમ પરત કરવા બાબત | આપની વીજ જોડાણ ની ભાવપત્રક ભરાયેલ રકમ બાબતે આપને રીફંડ ની રકમ માટેની સંપૂર્ણ કામગીરી પૂર્ણ કરી આપને તા.૮.૩.૨૦૧૮ ના રોજ રીફંડ અંગેનો ચેક અત્રેની માંડવી વિભાગીય કચેરી મારફત મોકલી આપવામાં આવેલ છે. | | નિકાલ<br>રેવેન્યુ / બીલ |
| **24** | સરપંચશ્રી નાના-કપાયા જૂથ ગ્રામ પંચાયત બોરાણા વાલબાઇ રામજી | બોરાણા ગામ ખાતે આવેલ ક્રિકેટ ગ્રાઉન્ડમાં માંથી વીજ લાઇન આવેલ છે જે બીજી જગ્યાએ સ્થળાંતર કરી આપવા બાબત. | લાઇન શીફ્ટીંગ ની અરજી તથા શીફ્ટીંગ અરજીના રજીસ્ટ્રેસન ચાર્જ ભરપાઇ કર્યાબાદ આ લાઇન શીફ્ટીંગ માટેનું ભાપત્રક આપવામાં આવશે જે આપના દ્વારા ભાપત્રક ભરપાઈ કર્યાબાદ સદર જણાવેલ લાઇન શીફ્ટીંગ ની કામગીરી હાથ ઉપર લેવામાં આવશે. | અરજદારશ્રી ની રજૂઆત મુજબ બોરાણા ગામ ખાતે આવેલ ક્રિકેટ ગ્રાઉન્ડ માં આવેલ વીજ પોલ ખસેડવા બાબતે અરજદારશ્રી દ્વારા લાઇન ખસેડવા અંગેની અરજી અને તે અંતર્ગત રજીસ્ટ્રેસન રકમ તા.૧૬.૦૩.૨૦૧૮ ના રોજ ભરપાઇ કરવામાં આવેલ છે અને સર્વેની કામગીરી અત્રેની મુન્દ્રા-૨ પેટા કચેરી દ્વારા પૂર્ણ કરી લાઇન ખસેડવા અંગેનું ભાપત્રક અરજદારશ્રી ને તા.૨૦.૦૩.૨૦૧૮ ના રોજ આપવામાં આવેલ છે જે ભાવપત્રક અરજદારદ્વારા ભરપાઇ થયેથી લાઇન ખસેડવા માટેની કામગીરી હાથ ઉપર લેવામાં આવશે. | નિકાલ<br>શીફટીંગ ઓફ લાઇન |